# જુના અને જર્જરીત મકાનો તોડવાની જાહેરાત

**મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ – ૩૮૭ ૫૪૦, તા. જી. ખેડા**
**ફોન નં :- (૦૨૬૯૨) ૨૯૯ ૧૨૨**

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, નવાગામ ખાતે જુના અને જર્જરીત મકાનો (કેટલ શેડ, સર્વન્ટ ક્વાટર્સ (૩ નંગ), કાઉન્ટર વર્કિંગ શેડ, ફોડર શેડ, બુલોક શેડ, સ્ટોર રૂમ ફોર ઓફીસ બિલ્ડીંગ, એગ્રોનોમી સ્ટોર, ઓવર હેડ ટેંક, અંડર ગ્રાઉન્ડ સંપ, ઓફીસ બોર પાસે ઓરડી અને પાણીનો ટાંકો, રેસીડન્ટ ક્વાર્ટર કલાસ–II ટાઈપ (૨ નંગ), કલાસ–III ટાઈપ ક્વાર્ટર (૩ નંગ), કલાસ–IV ક્વાર્ટર (૪ નંગ)) તોડવાની તેમજ સદર મકાન તોડવાથી નીકળતો તમામ માલ સામાન કોન્ટ્રાક્ટરે પોતે લઈ જઈ સાઈટ કલીયર કરી જમીન લેવલ કરવા સાથેની કામગીરી માટેના ભાવ પોતાના લેટરપેડ ઉપર અત્રેની કચેરી ખાતે બંધ કવરમાં પોસ્ટ/સ્પીડ પોસ્ટ/આર.પી.એ.ડીથી તા. ૧૯/૧૨/૨૦૨૩ના ૧૭:૦૦ કલાક સુધી મોકલી આપવાની શરતે મંગાવવામાં આવે છે. સદર કામ માટે યુનિવર્સિટી તરફથી કોઈપણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહીં. ભાવો ભરતી વખતે ડિપોઝિટની રકમ પેટે રૂ. ૧૦,૦૦૦/– રોકડ/ડી.ડી. "એ.એ.યુ. ફંડ એકાઉન્ટ" આણંદના નામનો રજુ કરવાનો રહેશે. સદર જાહેરાતની તમામ વિગતો અને શરતો www.aau.in પરથી જોઇ/વાંચી શકાશે.

**સ્થળ: નવાગામ**

**તા.૧૮/૧૧/૨૦૨૩** (માહિતી/નડી/૪૬૧/૨૦૨૩–૨૪) **સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)**

**સંદેશ, અમદાવાદ સીટી, તા.૧૯.૧૧.૨૦૨૩**

## બોલીઓ અને શરતો

૧. કોન્ટ્રાક્ટરે પોતાના લેટરપેડ ઉપર ભાવપત્રકમાં તથા બંધ કવર ઉપર મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ ખાતેના **"જુના અને જર્જરીત મકાનો તોડવાના ભાવ"** એવું દર્શાવવાનું રહેશે.

૨. સદર કામગીરી માટે યુનિવર્સિટી તરફથી કોઇ પણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહી. તેની નોંધ લઇ ભાવપત્રકો ભરવાના રહેશે.

૩. ભાવપાત્રકો નિયમોનુંસાર ગઠન કરેલ સમિતિની રૂબરૂમાં ખોલવામાં આવશે. ભાવની સરખામણી, ભલામણ તેમજ અભિપ્રાય મુજબ કામગીરી કરાવવાનો આખરી નિર્ણય સંશોધન વૈજ્ઞાનિક (ચોખા), મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામનો રહેશે. કામગીરી અંગે કોઈપણ વાદ વિવાદ ઊભો થાય તે બાબતનો સંશોધન વૈજ્ઞાનિક (ચોખા), મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામનો નિર્ણય આપને બંધનકર્તા રહેશે.

૪. ભાવપત્રક મોકલવા સાથે ડિપોઝીટ પેટે રૂ.૧૦,૦૦૦/– રોકડ/ડીડી "એ.એ.યુ ફંડ એકાઉન્ટ" આણંદના નામે ભરવાના રહેશે. ડિપોઝીટ ભરેલ ન હોય તેવા ભાવ પત્રક માન્ય રાખવામાં આવશે નહિ.

૫. ઈજારદારે જમીનદોસ્ત કરવાના થતા બિલ્ડીંગ સ્ટ્રક્ચરની મુલાકાત કચેરી કલાક દરમિયાન ચાલુ કચેરીના દિવસમાં કરી શકાશે.

૬. ભાવો મંજુર થયે ટપાલ/ફોન દ્વારા જાણ કરવામાં આવશે. ત્યારબાદ દિન–૫ માં મંજુર થયેલ ભાવ મુજબના નાણાં અત્રેની કચેરીમાં ભરી કામગીરી શરૂ કરવી.

૭. દિન–૫ માં મંજુર થયેલ ભાવ મુજબ રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને આગળની કાર્યવાહી માટે કમિટી સભ્યોનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે.

૮. જે ઠેકેદારના ભાવ મંજૂર થશે તેઓની ડિપોઝિટની રકમ જમા લેવામાં આવશે અને જેઓના ભાવ મંજૂર નહિ થાય તેઓની ડિપોઝિટ (બાના પેટે)ની રકમ પરત કરવામાં આવશે.

૯. ઓર્ડર મળ્યા બાદ મકાન તોડવાની બધી જ કામગીરી એજન્સી/કોન્ટ્રાક્ટરે પોતાની જવાબદારીથી ૬૦ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.

૧૦. સમયમર્યાદા પછી કોઈપણ જાતનો માલ સામાન ઉઠાવવા દેવામાં આવશે નહીં અને બાનાની રકમ પરત કરવામાં આવશે નહીં.

૧૧. ઈજારદારે જમીનદોસ્ત કરવા માટે તમામ જરૂરી સાધનો/મશીનરી વગેરેની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે.

૧૨. ઈજારદારે ડીમોલીશનની કામગીરી કરતા પેહલા ગેસ/વીજ જોડાણ/પાણી વગેરે તમામ કનેક્શન બંધ થયેલ છે કે નહિ તે ચકાસીને કામચાલુ કરવાનું રહેશે.

૧૩. જમીન દોસ્ત કરવાના બિલ્ડીંગની આજુ બાજુમાં આવેલ અન્ય ઈમારતોને નુકશાન ના થાય તે રીતે કરવાની રહેશે. જો નુકશાન થશે તો યુનિવર્સિટીની કમિટી નક્કી કરે તે મુજબ નુકશાની વસુલવામાં આવશે. જમીન દોસ્ત કરવાના થતા મકાનના પાયા માંથી નીકળીને જમીન સપાટી સુધી સમતલ કરવાના રહેશે.

૧૪. કામગીરી ઈજારદારે તેના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ/ઘટના કે અકસ્માત થાય અને તેને લીધે શ્રમયોગી/ઈજારદારને જાનમાલની હાની થાય તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. જે માટેના વીમા/લેબર કાયદાની શરતો અંગેની તમામ જવાબદારી જેતે ઈજારદારની રહેશે.

૧૫. ભંગાર માલસામાન ને લઈ જવા અંગેની જરૂરી પરવાના જે તે ઈજારદારે જે તે સક્ષમ સતાધીશ પાસેથી મેળવી લેવાના રહેશે

૧૬. સરકારશ્રી તરફથી લાગુ પડતા તમામ કરવેરા (TDS) અત્રેથી કપાત કરવામાં આવશે.

૧૭. સદર કામગીરી સંતોષકારક પૂર્ણ થયા બાદ સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૧૮. **જુના મકાનો જોવા માટે સંશોધન વૈજ્ઞાનિક (ચોખા), મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ તા.જી. ખેડા. ફોન નં: (૦૨૬૯૪) ૨૯૯ ૧૨૨, ૭૫૭૩૦૧૩૫૪૮, ૯૯૨૫૦૫૫૦૯૫ (શ્રી એસ. એસ. થોરાત)ની કચેરી ખાતે સંપર્ક કરવાનો રહેશે.**

**મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ**
**હસ્તકના તોડવાના થતા જુના અને જર્જરીત મકાન/ક્વાટર્સની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | બિલ્ડીંગનું નામ | સંખ્યા | બાંધકામનું વર્ષ |
|---|---|---|---|
| ૧. | કેટલ શેડ (રાઈસ મીલ પાછળનો ભાગ) | ૧ નંગ | ૧૯૪૭-૪૮ |
| ૨. | સર્વન્ટ ક્વાટર્સ (ઓરડીઓ–૩ નંગ) | ૩ નંગ | ૧૯૪૭-૪૮ |
| ૩. | કાઉન્ટર વર્કિંગ શેડ (લાકડાનો–જૂની બિલ્ડીંગ પાસે) | ૧ નંગ | ૧૯૪૬-૪૭ |
| ૪. | ફોડર શેડ (રાઈસ મીલ આગળનો ભાગ) | ૧ નંગ | ૧૯૪૭-૪૮ |
| ૫. | બુલોક શેડ (બ્રિડીંગ વાળો સ્ટોર) | ૧ નંગ | ૧૯૫૮-૫૯ |
| ૬. | સ્ટોર રૂમ ફોર ઓફીસ બિલ્ડીંગ | ૧ નંગ | ૧૯૭૯-૮૦ |
| ૭. | એગ્રોનોમી સ્ટોર (બ્રિડીંગની બાજુમાં) | ૧ નંગ | ૧૯૬૫-૬૬ |
| ૮. | ઓવર હેડ ટેંક (સ્ટાફ ક્વાટર્સ) | ૧ નંગ | ૧૯૬૮-૬૯ |
| ૯. | અંડર ગ્રાઉન્ડ સંપ (નવી બિલ્ડીંગ પાછળ) | ૧ નંગ | ૧૯૯૯-૨૦૦૦ |
| ૧૦. | ઓફીસ બોર પાસે ઓરડી | ૧ નંગ | ૧૯૯૧-૯૨ |
| ૧૧. | ઓફીસ બોર પાસે પાણીનો ટાંકો | ૧ નંગ | ૧૯૯૧-૯૨ |
| ૧૨. | રેસીડેન્ટ ક્વાર્ટર ક્લાસ–II ટાઈપ | ૨ નંગ | ૧૯૬૫-૬૬ |
| ૧૩. | ક્લાસ–III ટાઈપ ક્વાર્ટર | ૩ નંગ | - |
| ૧૪. | ક્લાસ–IV ટાઈપ ક્વાર્ટર | ૪ નંગ | - |